Letter No: SJED/0602/01/2024 Dt: 29-01-2024

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: **SJED/EOD/e-file/17/2022/0075/A Section**

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાં:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૦૨/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૮/૯૮૫૨૫/અ(પા.ફા.)

(૨) ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમનો તા.૨૦/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ગુજઅસંનાવિનિલી/૨૦૨૨-૨૦૨૩/૬૯૯૬.

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના આ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૩ ના ઠરાવથી ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમની કુલ ૦૬(છ) હંગામી જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદત પૂર્ણ થનાર હોઇ, સદર જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના તા.૨૦/૧૨/૨૦૨૩ ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની નીચે મુજબની કુલ ૦૬(છ) જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજૂર થયેલ હંગામી જગ્યા | વર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડિરેક્ટર | ૧ | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૧ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ |
| ૪ | ગુજરાતી ટાઈપીસ્ટ | ૩ | ૧ |
| ૫ | સિનિયર ક્લાર્ક | ૩ | ૧ |
| ૬ | જુનિયર કારકુન | ૩ | ૧ |
| | કુલ | | ૬ |

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

Signature valid
Signed by:H E Joshi
Section Officer
Date: 2024.01.29
15:40:24 +05:30

File No: SJED/EOD/e-file/17/2022/0075/A Section
Approved By: Deputy Secretary,A Section,SJED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૯) નાણાં વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: **FD/ZMR/e-file/4/2023/0336/Z1** તથા અન્ય વખતોવખતની તમામ આનુષાંગિક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) અબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતાં પહેલા વિભાગ મારફતે નાણાં વિભાગનો પરામર્શ કરી, અબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગના પરામર્શમાં તા.૧૯/૦૧/૨૦૨૪ ની નોંધ પર સક્ષમ કક્ષાએથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, બ્લોક નં-૧૧, ૨જો માળ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)
- ✓ સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature valid
Signed by:H R Doshi
Section Officer
Date: 2024.01.29
15:40:24 +05:30